જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૫/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૦૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૫૨	૧	૧૧૪૫૩	૧૭૫૭૧	૧	૧૭૫૭૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૦	૦	૮૦	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૨૯૩૬	૩૯૯	૪૩૩૩૫	૪૩૯૧૭	૩૬૦	૪૪૨૭૭
કુલ		૫૯૧૭૬	૪૦૦	૫૯૫૭૬	૬૮૦૧૮	૩૬૧	૬૮૩૭૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૫	૧,૭૦,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૨૨	૨૦,૨૨,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છરી બતાવી લુંટ કરેલ અનડીટેકટ ગુનો ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તથા અટકાવવા સારૂ આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ સિનીયર પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓએ સીસીટીવી ફુટેજ આધારે તેમજ બાતમીદારો મારફતે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા સારૂ જણાવતાં સર્વેલન્સ સ્કોર્ડ પોસઈ ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા મસઈ બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા હેકો સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૬૭૯૨ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં અલગ અલગ ટીમ બનાવી સીસીટીવી ફુટેજમાં જોતા હતા તે દરમ્યાન સાથેના પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ નાઓએ સીસીટીવી ફુટેજમાં લુંટના ગુનામાં સંડોવાયેલ વર્ણનવાળો ઈસમ ઓળખી બતાવી સદરી ઈસમ ઈસનપુર ચાર રસ્તા આજુબાજુમાં ઓટોરિક્ષા લઈને આવતો હોવાની હકિકત જણાવતાં બે પંચોના માણસો સાથે સદરી જગ્યાએ જઈ વોચમાં હાજર રહેતાં ફુટેજમાં દેખાયેલ વર્ણનવાળો એક ઈસમ CNG ઓટોરિક્ષા નં.જીજે.૦૧.ડીવી.૧૦૬૯ ની લઈને ઈસનપુર બ્રિજથી વટવા તરફ જતા રોડ ઉપર ઉભેલ હોય જેને ઓટોરિક્ષા સાથે કોર્ડન કરી રોકી લઈ પંચો રૂબરૂ નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ નિતીનકુમાર રતિલાલ જાતે ગોરીયા ઉ.વ.૨૫ ધંધો.નોકરી રહે.મ.નં.સી-૨૧૮ પુનીતનગર સોસાયટી શૈલી એપાર્ટમેન્ટની બાજુમાં ઘોડાસર અમદાવાદ શહેર તથા બોમ્બે હાઉસિંગના મકાનમાં સત્યમ ફલેટ ચાર રસ્તા આગળ સરસપુર અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતી તપાસ કરતાં તેના પેન્ટના ખિસ્સામાંથી એક સોનાની ચેઈન ૧૭.૨૪૦ ગ્રામ વજનની આશરે કિ.રૂ.૭૫૮૦૦/- ની મત્તાની તથા મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૫૦૦૦/- તથા ઓટોરિક્ષાની કિ.રૂ.૪૫૦૦૦/- તથા છરી કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧,૨૫,૮૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવતાં આરોપીને નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ - એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૬૩૫/૨૦૨૧ ધી ઈ.પી.કો.કલમ ૩૯૭ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં અટક કરી લુંટનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

મોડસ ઓપરેન્ડી : આ કામના આરોપી રિક્ષામાં પેસેન્જર તરીકે બેસી છરી બતાવી ધમકી આપી સોનાના દાગીના રોકડ રકમ તથા મોબાઈલ ફોન વિગેરે કિંમતી ચીજવસ્તુઓની લુંટ કરવાની એમ.ઓ.ધરાવે છે.



ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “મોબાઇલ ચોરીના” ગુનાના એક આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ તથા એલ.આર ધુમકેતુ આત્મારામભાઇ નાઓની સંયુક્ત બાતમી હક્કિત આધારે નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૭૩૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૮૦ મુજબના મુજબનો ગુનો નોધાયેલ જે ગુનાના કામના આરોપીને નરોડા બેઠક ત્રણ રસ્તા પાસેથી પકડી તેનુ નામ ઠામ પુછતાં તેણે પોતાનુનામ સંદિપ સ/ઓ બાબુલાલ જાતે.હિંગડે ઉ.વ.૩૦ ધંધો.મજુરી રહે-બ્લોક નં.૪૬/૧૪૬૫ શહેરી ગરીબ આવાસ યોજના અંબીકાનગર યુ.એલ.સી. વટવા ચાર માળીયા વટવા, અમદાવાદ શહેર નાની પાસેથી મળી આવેલ ઉપરોક્ત ગુનાના કામે ચોરી કરી લઇ ગયેલ વીવો વાય ૧૯ મોબાઇલ નંગ-૧ કિ રૂ ૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી તા.૦૬/૦૫/૨૦૨૧ ના કલાક ૧૫/૧૫ વાગે પકડી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૦૬/૦૫/૨૦૨૧.

મુદ્દામાલ - ચોરી કરી લઇ ગયેલ વીવો કંપનીનો મોબાઇલ કિ.રૂ રૂ.૫૦૦૦/- ની કિમતનો

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર. તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર. મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૧૪૬૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

આરોપીનુ નામ

સંદિપ સ/ઓ બાબુલાલ જાતે.હિંગડે ઉ.વ.૩૦ ધંધો.મજુરી રહે- બ્લોક નં.૪૬/૧૪૬૫ શહેરી ગરીબ આવાસ યોજના અંબીકાનગર યુ.એલ.સી. વટવા ચાર માળીયા વટવા, અમદાવાદ શહેર



તડીપાર આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

તા.૦૬/૦૫/૨૦૨૧ ના રોજ શરીર સબંધી ગુનામાં તડીપાર કરેલ ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના મુજબ પો.ઇન્સ શ્રી પી.બી.ખાંભલા સાહેબ નાઓના માર્ગદર્શન આધારે પાસા/તડીપાર કરેલ ઇસમોને પકડી મળી આવ્યે થી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સ્વેલંન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ તથા પો.કો. જકનભાઇ પુંજાભાઇ નાઓએ બાતમી હકીકત આપેલ કે મદદનીશ પોલીસ કમિ શ્રી "જે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના ક્રમાક:જે/ડીવી/હદપ/૩૨૬/ ૨૦૨૦ તા.૨૯/૦૯/૨૦૨૦ ના હુકમ આધારે આરોપી નામે બ્રીજેશ ઉર્ફે ટોલી વિજયભાઇ જાતે.ભટ્ટ ઉ.વ.૨૮ (રહે.નરોડા ગામ ભાટ્ટની ખડકી નરોડા અમદાવાદ શહેર નાને અમદાવાદ શહેર , ગાંધીનગર ખેડા તથા મહેસાણા જીલ્લાઓ માંથી બે વર્ષ માટે તડીપાર કરેલ હોવા છતાં ઉપરોક્ત હુકમનો ભંગ કરી અમદાવાદ શહેરમાં કોઇ કોર્ટ કચેરીની લેખીત પરવાનગી વગર નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી મળી આવતાં આજ રોજ તા.૦૬/૦૫/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી તેના વિરુધ્ધ જીપી.એક્ટ ૧૪૨ મુજબનો ગુનો નોધી સારી કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ.એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા પો.કોન્સ.પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો. પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

આરોપીનુ નામ - બ્રીજેશ ઉર્ફે ટોલી વિજયભાઇ જાતે.ભટ્ટ ઉ.વ.૨૬ રહે= નરોડા ગામ ભાટ્ટની ખડકી નરોડા અમદાવાદ શહેર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૯ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૮૦૭/૨૦૨૧**

નરોડા : બિશવીરસિંહ સુરજભાણસિંહ કુશ્વાહ (રહે.શ્રીરામવંદન સ્વામીનારાયણ પાર્કની સામે, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૫/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૦૬/૦૫/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૧૨,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૮૦૮/૨૦૨૧**

બાપુનગર : લક્ષ્મણસિંહ ધુલસિંહ સીસોદીયા (ઉ.વ.૪૪)(રહે.શિલ્પ રેસીડન્સી, માતેશ્વરી દુધ ડેરી હીરાવાડી રોડ, બાપુનગર) તા.૦૬/૦૫/૨૦૨૦૧ ના કલાક ૫/૨૦ વાગ્યાના સુમારે બાપુનગર હીરાવાડી રોડ શિલ્પ રેસીડન્સી, માતેશ્વરી દુધની દુકાન આગળ રોડ ઉપર પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ પર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી લક્ષ્મણસિંહના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ લક્ષ્મણસિંહ સીસોદીયા એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એન.પરમાર ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૮૦૯/૨૦૨૧**

સરખેજ : દિનેશભાઇ પરષોતમભાઇ મકવાણા (ઉ.વ.૩૨)(રહે.હરીવિલા ડુપ્લેક્ષ, હરીવીલા સોસાયટી, બુધ્ધનગર પાસે, ધોળકા રોડ, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે ઉપર ના માળે પંખા સાથે વાયર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

વટવા : જાવેદહુસૈન અબ્દુલરસીદ સૈયદ (ઉ.વ.૪૦)(રહે.પટેલ રો-હાઉસ, મગદુમનગર અલફલા સોસાયટી ની સામે, સૈયદવાડી વટવા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૧ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે બોટલમાં ભરેલ સેનીટાઇઝર પી લેતા શરીરે અસર થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ લાવતા તા.૦૬/૦૫/૨૦૨૧ બપોરના ૩/૧૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

દાણીલીમડા : અફ્સા ડો/ઓ અજમતુલ્લા શેખ (ઉ.વ.૧૮)(રહે.ન્યુ શાહઆલમ રૉ-હાઉસ, બેરેલ માર્કેટ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી લટકવાની કોશીષ કરતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૫/૨૦૨૧ ના કલાક ૧૧/૫૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી